# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સ્થાનિક ઉત્પાદનો અપનાવવા,, આત્મનિર્ભર ભારત અને વિકાસિત ભારતને પ્રોત્સાહન આપવા સ્વદેશીના મંત્ર સાથે આગળ વધવા હાકલ કરી
2. પ્રધાનમંત્રીએ UPSCના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ડિજિટલ એપ પ્રતિભા સેતુનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો.
3. પ્રધાનમંત્રીએ દેશના વિકાસ માટે રમતગમતની ભૂમિકા મહત્વની ગણાવી.
4. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચીનમાં SCO શિખર સંમેલન માં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાતચીત કરી.
5. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગુજરાતના અમદાવાદમાં વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ કર્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM MAN KI BAAT (PAGE 1)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સ્થાનિક ઉત્પાદનો અપનાવવા ,, આત્મનિર્ભર ભારત અને વિકાસિત ભારતને પ્રોત્સાહન આપવા સ્વદેશીના મંત્ર સાથે આગળ વધવ હાકલ કરી.

આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં તેમણે કહ્યું , તહેવારોની મોસમ દરમિયાન મેડ ઇન ઇન્ડિયા એટલે કે ભારતમાં બનેલી હોય અથવા ભારતીય સામગ્રીથી તૈયાર કરાઈ હોય તેવી ભેટ સોગાદોનો ઉપયોગ કરવો.

## (બાઈટ – પીએમ, વોકલ ફોર લોકલ)

પ્રધાનમંત્રીએ કહ્યું કે જો તહેવારોની ઉજવણી દરમિયાન સ્વચ્છતા પર વિશેષ ધ્યાન આપવામાં આવે તો ઉત્સાહ વધુ વધે છે. તેમણે કહ્યું કે દેશના વિકાસ માટે રમતગમતની ભૂમિકા મહત્વની ગણાવી. શ્રી મોદીએ કહ્યું કે જે રમે છે તે ખીલે છે. તેમણે શ્રીનગરમાં યોજાયેલા પ્રથમ ખેલો ઈન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલની ચર્ચા કરી.

## (બાઈટ – પીએમ, વોટર સ્પોર્સ્ )

પ્રધાનમંત્રીએ કહ્યું કે ચોમાસાની ઋતુ દરમિયાન કુદરતી આફતો દેશ માટે કસોટીનો સમય છે. છેલ્લા કેટલાક અઠવાડિયા દરમિયાન, પૂર અને ભૂસ્ખલનથી દેશમાં ભારે વિનાશ થયો છે. શ્રી મોદીએ કહ્યું કે જ્યાં પણ આફત આવી છે , ત્યાં રાષ્ટ્રીય, રાજ્ય આપત્તિ

વ્યવસ્થાપન દળ, અન્ય સુરક્ષા દળો - બધાએ જીવન બચાવવા માટે દિવસ-રાત કામ કર્યું છે. તેમણે દરેક નાગરિકનો આભાર વ્યક્ત કર્યો.

પ્રધાનમંત્રીએ ડિજિટલ એપ પ્રતિભા સેતુ વિશે વાત કરી , જે **UPSC** પરીક્ષાના દરેક તબક્કામાં પાસ થયેલા પરંતુ અંતિમ મેરિટ લિસ્ટમાં સ્થાન મેળવી શક્યા ન હોય તેવા ઉમેદવારોનો ડેટા સંગ્રહિત કરે છે.

## (બાઇટ-પીએમ, યુપીએસસી પ્રતિભા)

પ્રધાનમંત્રીએ સુરતમાં રહેતા જીતેન્દ્રસિંહ રાઠોડ વિશે ગર્વભેર વાત કરી.

જીતેન્દ્રસિંહ રાઠોડ એક સિક્યુરીટી ગાર્ડ છે. વિતેલા કેટલાક વર્ષોથી તેઓ એવા તમામ જવાનો વિશે માહીતી એકઠી કરે છે , જેમણે ભારતમાતાની રક્ષામાં પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા છે. આજે તેમની પાસે પહેલા વિશ્વયુદ્ધથી લઇને અત્યારસુધી શહીદથયેલા હજ્જારો વીર જવાનો વિશે જાણકારી ઉપલબ્ધ છે. જીતેન્દ્રસિંહનું જીવન આપણને દેશભક્તિનો વાસ્તવિક ઉપદેશ આપે છે. પ્રધાનમંત્રીએ મન કી બાત કાર્યક્રમમાં કહ્યું કે, સૌર ઊર્જાના કારણે ખેડૂતોની જિંદગી બદલાઈ છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM-SCO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચીનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન SCO શિખર સંમેલન દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાતચીત કરી હતી.

શ્રી મોદીએ કહ્યું કે ભારત અને ચીન વચ્ચેનો સહયોગ સમગ્ર માનવતાના કલ્યાણનો માર્ગ મોકળો કરશે. શ્રી મોદીએ કહ્યું કે ભારત પરસ્પર વિશ્વાસ, આદર સાથે સંબંધોને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

## (બાઇટ- પ્રધાનમંત્રી ઓપનિંગ રીમાર્કસ ચીન)

પ્રધાનમંત્રી સંગઠનના અન્ય નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. શ્રી મોદી સંગઠનના સભ્ય દેશોના રાજ્ય અને સરકારના વડાઓના સન્માનમાં આયોજિત રાત્રિભોજનમાં પણ હાજરી આપશે. ભારત 2017 થી સંગઠનનું સભ્ય છે. 2022-23 માં, ભારત આ સંગઠનના દેશોના વડાઓની પરિષદનું પ્રમુખ હતું.

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશનમાં 10 સભ્ય દેશો છે. જેમાં બેલારુસ, ચીન, ઈરાન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનનો સમાવેશ થાય છે. આ સંગઠનમાં ઘણા સંવાદ ભાગીદાર દેશો અને નિરીક્ષક દેશોનો પણ સમાવેશ થાય છે.

# HM GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ રાજ્યના પ્રવાસના બીજા દિવસે વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આજે સવારે શ્રી શાહે અમદાવાદના ગોતા વિસ્તારમાં ઓગણજ શહેરી આરોગ્ય કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું. આ કેન્દ્રમાં નાગરિકોને અદ્યતન આરોગ્ય સેવાઓ પૂરી પડાશે. ત્યારબાદ શ્રી શાહે ચાંદલોડિયામાં વંદે માતરમ્ શહેરી આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું. ત્યારબાદ તેમણે રાણિપ વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં છોડ રોપ્યો હતો.

શ્રી શાહ અમદાવાદના હરિયાળા વિસ્તારને વિસ્તૃત કરવા નવા વાડજ ખાતે સ્ટેડિયમ વોર્ડમાં વિકાસશીલ શહેરી વનની મુલાકાત લીધી. ત્યાંથી તેઓ અમદાવાદમાં ભદ્ર કિલ્લા ખાતે આવેલા નગરદેવી ભદ્રકાળી માતાજીના મંદિરે શિશ ઝૂકાવ્યું. હાલમાં મળતા અહેવાલ મુજબ , કેન્દ્રીય ગૃહમંત્રી લાલ દરવાજામાં સરદાર બાગ ખાતે ટૉરેન્ટ ગૃપ- UNM ફાઉન્ડેશન દ્વારા પુનઃવિકસિત કરાયેલા સરદાર બાગનું લોકાર્પણ કર્યું.

# BIHAR ASIA CUP

બિહારના રાજગીરમાં પુરુષ એશિયા કપ હોકી ચેમ્પિયનશિપમાં આજે ભારતનો મુકાબલો જાપાન સામે થશે હરમનપ્રીત સિંહ ભારતીય ટીમના કેપ્ટન છે. મેચ બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે.

પૂલ A માં બંને ટીમોએ પોતાની શરૂઆતની મેચ જીતી છે. ભારતે પહેલી મેચમાં ચીનને હરાવ્યું હતું જ્યારે જાપાને કઝાકિસ્તાનને હરાવ્યું હતું. પૂલ A ની બીજી મેચમાં આજે ચીનનો મુકાબલો કઝાકિસ્તાન સામે છે.

# EU US VISA REAX

યુરોપિયન સંઘના વિદેશ મંત્રીએ સર્વાનુમતે અમેરિકાને આગામી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા માટે પેલેસ્ટિનિયન અધિકારીઓને પ્રવેશ વિઝા નકારવાના તેમના તાજેતરના નિર્ણય પર પુનર્વિચાર કરવા વિનંતી કરી છે.

કોપનહેગનમાં EU વિદેશ મંત્રીઓની બેઠક બાદ યુરોપિયન સંઘના વિદેશ નીતિના વડા કાજા કલ્લાસે જણાવ્યું હતું કે , સભ્ય દેશો પરિસ્થિતિની ગંભીરતા પર વ્યાપકપણે સંમત છે, પરંતુ નક્કર પગલાં પર સર્વસંમતિ પ્રાપ્ત થઈ નથી. બેઠકનું નેતૃત્વ કરનાર ડેનિશ વિદેશ પ્રધાન લાર્સ લોકે રાસમુસેને જણાવ્યું હતું કે સભ્ય દેશોની વધતી જતી સંખ્યા માને છે કે મજબૂત દબાણ વિના ઇઝરાયલ માર્ગ બદલશે તેવી શક્યતા નથી.

દરમિયાન, ગઈકાલે ગાઝા પર સંયુક્ત આરબ-ઇસ્લામિક સમિટ દ્વારા રચાયેલી મંત્રીસ્તરીય સમિતિએ પણ અમેરિકા વહીવટીતંત્રને તેના નિર્ણય પર પુનર્વિચાર કરવા વિનંતી કરી.

એક નિવેદનમાં, સમિતિએ ભાર મૂક્યો હતો કે આ પગલું સંયુક્ત રાષ્ટ્રસંઘ મુખ્ય મથકના કરાર હેઠળની જવાબદારીઓનો વિરોધાભાસ કરે છે , જે સંયુક્ત રાષ્ટ્રસંઘ

કાયમી નિરીક્ષક રાજ્ય પેલેસ્ટાઇનને સંયુક્ત રાષ્ટ્રસંઘ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાના અધિકારોની ખાતરી આપે છે.

## PUNJAB FLOODS

પંજાબ અત્યાર સુધીના સૌથી વિનાશક પૂરનો સામનો કરી રહ્યું છે.

હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદને કારણે પૂરના પાણીએ અગાઉના તમામ રેકોર્ડને વટાવી દીધા છે , જેના કારણે રાજ્યના નવ જિલ્લાઓમાં વ્યાપક વિનાશ થયો છે. રાજ્યના ડેમોમાં પાણી ભરાઈ જવાને કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની ગઈ છે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે "પંજાબના જળ સંસાધન મંત્રી, બરિન્દર કુમાર ગોયલે પુષ્ટિ આપી છે કે પડોશી રાજ્યોમાંથી આવતા પાણીના ભારે પ્રવાહે પરિસ્થિતિને મોટા પાયે વિનાશમાં ફેરવી દીધી છે. પૂરના કારણે અત્યાર સુધીમાં પંજાબમાં 1 હજાર 18 ગામો પ્રભાવિત થયા છે . 60 હજાર હેક્ટરથી વધુ જમીન પ્રભાવિત થઈ છે, જેના કારણે પાકને નુકસાન અને પશુધનને ભારે આર્થિક નુકસાન થયું છે.

સત્તાવાર સૂત્રો અનુસાર , ગુરદાસપુર, ફિરોઝપુર, ફાઝિલ્કા, કપૂરથલા અને અમૃતસર સહિત નવ પૂરગ્રસ્ત જિલ્લાઓમાંથી અત્યાર સુધીમાં કુલ 11 હજાર 330 લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

ભારતીય સેના , ભારતીય વાયુસેના , NDRF અને પંજાબ પોલીસ , સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાન્ય લોકો બચાવકાર્યમાં જોડાયેલા છે.